ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી–૧(૮) ૧૫
ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ,
ઉધોગ ભવન,ગાંધીનગર
તારીખ:: ૩૦–૦૩–૨૦૧૦

::–:: પરિપત્ર ::–::

વિષય::– નિગમની વસાહતોમાં ઔધોગિક પ્લોટ,રહેણાંક પ્લોટ અને વાણિજય પ્લોટની તબદીલી અને ઉપયોગની સમય મર્યાદા વધારવાની નીતિમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ::–(૧) નિગમના નીતિ વિષયક પરિપત્ર નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/ સીઆઇઆર / વિતરણ/ પોલીસી/૧ (૮)૦૭ તા.૩૧–૦૫–૨૦૦૮

(૨) નિગમના નીતિ વિષયક પરિપત્ર નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/ સીઆઈઆર / વિતરણ/ પોલીસી/૧ (૯)૫૧ તા.૯–૧૨–૨૦૦૯.

:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:

નિગમની વિવિધ વસાહતોમાં ફાળવવામાં આવેલ બીનવપરાશી ઔધોગિક પ્લોટ, રહેણાંક પ્લોટ અને વાણિજય પ્લોટની તબદીલી અને ઉપયોગની સમય મર્યાદા વધારવાની નીતિ વિષયક સુચનાઓ સમયાંતરે જારી કરવામાં આવેલ છે. ઉપરોકત સંદર્ભ–૧ માં દર્શાવેલ પરિપત્રથી તબદીલી અને ઉપયોગની સમય મર્યાદા વધારવાની નીતિમાં આંશિક ફેરફાર કરી તા.૩૧–૦૩–૨૦૧૦ સુધીમાં અન્યની તરફેણમાં તબદીલ કરી આપવાની નીતિ અમલમાં મુકેલ હતી. તે અન્વયે નિગમની તા.૧૦–૦૩–૨૦૧૦ ના રોજ મળેલ ૪૪૭ મી સભા સમક્ષ કાર્યસુચિ ક્રમાંક.૧૭/વિતરણ/૪૪૭ સાદર કરવામાં આવેલ અને સભાએ પસાર કરેલ ઠરાવ ક્રમાંક.૪૩/વિતરણ/૪૪૭/૨૦૧૦ થી ઠરાવેલ છે કે હવેથી બીનવપરાશી ઔધોગિક પ્લોટ, રહેણાંક પ્લોટ, વાણિજય પ્લોટની તબદીલી ઉપર તા.૦૧–૦૪–૨૦૧૦ થી પ્રતિબંધ મુકવામાં આવે છે.

વધુમાં, ફાળવણી તારીખથી ૬ (છ)વર્ષની અંદર ફાળવણીદાર ધ્વારા મિલ્કત પર બાંધકામ કરી નિગમની નીતિ મુજબ ઉપયોગ કર્યાનુ પ્રમાણપત્ર મેળવવામાં ન આવે તો ત્યારપછી બાંધકામ કરવાની સમય મર્યાદા વધારવી નહી અને મિલ્કતનો કબજો પરત મેળવવાની કાયદાકીય કાર્યવાહી કરવી. આ સિવાય વણવપરાશી દંડ/ ઉપયોગની સમય મર્યાદા વધારી આપવાની સત્તા અને તે સિવાયની સમયાંતરે પરિપત્રિત કરવામાં આવેલ સુચનાઓ યથાવત રહેશે. જેની સર્વે વિતરણ અધિકારીશ્રીઓએ નોંધ લેવી તથા આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ પરિપત્ર મળ્યાની પહોંચ જનરલ મેનેજરશ્રી(વિતરણ/રસુ)ને નામ જોગ મોકલી આપવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ...
- ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોશીએશન,અમદાવાદ તરફ
- નિગમની તમામ વસાહતના માન્ય વસાહત મંડળો તરફ.....

TO
MANAGER(ALT)

રવાના કર્યો
મેનેજર(મહેકમ)